# પ્રેસનોટ

# આયુષમાન ભારત વય વંદના યોજના

માનનીય કમીશ્નરશ્રી દ્વારા આજ રોજ તમામ ઝોનની વય વંદના યોજના અંતર્ગત થયેલ કામગીરીનો રીવ્યુ કરવામાં આવેલ તેમજ આગામી દિવસોમાં તમામ ૭૦ વર્ષ થી વધુ વયના વયસ્ક વડીલોનું એનરોલ્મેન્ટ સુનિશ્ચિત થાય તે રીતનું આયોજન હાથ ધરવા જણાવેલ.આજદિન સુધી સુરત મહાનગરપાલિકા દ્વારા ઉપરોક્ત બાબતે કરવામાં આવેલ કાર્યવાહી નીચે મુજબ છે.

- હાલ સુરત મહાનગરપાલિકામાં તમામ 63 હેલ્થ ફેસિલિટી ખાતે (70 વર્ષથી વધુ વયના વયસકો માટે )આયુષ્માન ભારત વય વંદના યોજનાનું એનરોલ્મેન્ટકરવામાં આવી રહ્યું છે.
- આયુષ્માન ભારત વય વંદના યોજનાઅંતર્ગત આજ દિન સુધી સુરત મહાનગરપાલિકામાં **૨,૫૫,૯૩૧**ના લક્ષ્યાંકની સામે કુલ **૧,૩૪,૬૯૫**વડીલોનું એનરોલ્મેન્ટ કરવામાં આવેલ છે.
- ગત અઠવાડિયામાં સમગ્ર ગુજરાતમાં **૮૪,૦૪૬**આયુષ્માન વય વંદના કાર્ડનું એનરોલ્મેન્ટ કરવામાં આવેલ છે જે પૈકી સુરત મહાનગરપાલિકા દ્વારા **૭૫૮** કેમ્પ કરી સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ **૨૬,૭૨૬** વડીલોનું એનરોલ્મેન્ટ સુનિશ્ચિત કરેલ છે.
- વયસ્ક નાગરિકો જેઓ અશક્ત/પથારીવશ હોય તેવા વડીલોનું આઉટરીચ વર્કર (આશા, સર્વેલન્સ વર્કર અને એ.એન.એમ)દ્વારા તેમના ઘરે જઈ તેમનું એનરોલ્મેન્ટ કરવામાં આવે છે.
- સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૦૦ ટકા ૭૦ વર્ષ થી વધુ વયના વડીલોનું એનરોલ્મેન્ટ સુનિશ્ચિત કરવા માટે ૧૫ ડિસેમ્બર સુધી કેમ્પ બેઇઝ એક્ટીવીટી કરવામાં આવશે. સદર યોજનાનો લાભ તમામ વડીલો સુધી પહોંચે તે માટે ધારાસભ્યોશ્રી, પદાધિકારીઓશ્રી, અને લોકલ પ્રતિનિધિઓ ના સંકલનમાં કેમ્પનું આયોજન કરવામાં આવે છે તેમજ સોસાયટીઓના પ્રમુખના સંકલનમાં સોસાયટી ટુ સોસાયટી કેમ્પ કરવામાં આવે છે.
- ૧૫ ડિસેમ્બર બાદ તમામ આઉટરીચ વર્કર ( આશા, સર્વેલન્સ વર્કર અને એ.એન.એમ) દ્વારા ૧૫ દિવસનો ટીપીએમ બનાવી હાઉસ ટુ હાઉસ એક્ટીવીટી કરીતમામ વડીલોનું એનરોલ્મેન્ટ સુનિશ્ચિત કરવામાં આવશે.
- તમામ આઉટરીચ વર્કર ( આશા, સર્વેલન્સ વર્કર અને એ.એન.એમ) દ્વારા ઘરે ઘરે જઇ IECઅને મોબિલાઇઝેશન કરવામાં આવે છે.
- ઘરે ઘરે પેમ્ફલેટ વિતરણ,SMCના વેબસાઇટ ના માધ્યમથી, મુખ્ય માર્ગો પર આઉટડોર ડિસ્પ્લે બોર્ડના માધ્યમથી, ડોર ટુ ડોર ના વાહનો, ઓટોરિક્ષામાં તેમજ પ્રચાર વાહનો મારફતે ઓડિયો ક્લિપ દ્વારા સઘન પ્રચાર કરવામાં આવે છે.
- આગામી દિવસોમાં 70 વર્ષથી વધુ વયના તમામ વયસ્ક વડીલોનું સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીઓ થકી આયુષ્માન ભારત વય વંદના યોજનામાં એનરોલ કરવામાં આવશે જેમાં આપ સૌનો સહકારની અપેક્ષા છે.

જનસંપર્ક વિભાગ
સુરતમહાનગર સેવાસદન તરફથી
સાદર સમાચાર યાદી નં.૩૯૮ તાઃ ૦૨/૧૨/૨૦૨૪